વનબંધુ કલ્યાણ યોજના અંતર્ગત અનુસુચિત જનજાતિ માટેના વ્યવસાયલક્ષી તાલીમ કેન્દ્રો ખાનગી સંસ્થાઓના સહયોગથી પીપીપી મોડેલ મુજબ ચલાવવા અંગે

ગુજરાત સરકાર
આદિજાતિ વિકાસ વિભાગ
ઠરાવ ક્રમાંક:વકય/૨૦૨૨/૭૮૬/પી
સચિવાલય, ગાંધીનગર
તા.03/૦૯/૨૦૨૨

વંચાણે લીધું:-

(૧) આદિજાતિ વિકાસ વિભાગ નો તા.૨૧.૦૬.૨૦૦૮ નો ઠરાવ ક્રમાંક:નસઅ-૧૦૦૮- ૭૬૩-ઘ,
(૨) આદિજાતિ વિકાસ વિભાગ નો તા.૧૭.૦૭.૨૦૦૮ નો ઠરાવ ક્રમાંક:નસઅ-૧૦૦૮-૭૬૩-ઘ,
(3) આદિજાતિ વિકાસ વિભાગ નો તા.૨૧.૦૭.૨૦૧૦ નો ઠરાવ ક્રમાંક: નસઅ-૧૦૦૮-૭૬૩(10)-ઘ,
(૪) આદિજાતિ વિકાસ વિભાગ નો તા.૧૨.૧૦.૨૦૧૦ નો આદેશ ક્રમાંક. વકય/૨૦૧૦/ ૧૧૬૦/ડી-સેગ (II)
(૫) ૧૭મી હાઈ પાવર્ડ સમિતિની તા.૧૫/03/૨૦૨૨ની બેઠકની કાર્યવાહી નોંધ

<u>પ્રસ્તાવના:-</u>

આદિજાતિ સમાજના સશક્તિકરણ માટે, તેમની ક્ષમતાની વૃદ્ધિ માટે અને તેમના દ્વારા અને તેમના થકી વિકાસના નવા અવસરોના વધુમાં વધુ લાભ લે તે માટે વ્યુહાત્મક રીતે અને નીતિગત રીતે નવા વ્યૂહ સાથે આદિજાતિના ૧૦ લાખ લોકોને રોજગાર અને આર્થિક ઉત્કર્ષના કાર્યક્રમોમાં ગુણાત્મક સુધારા અને પરિણામલક્ષી યોજનાના અમલીકરણના ભાગરૂપ વનબંધુ કલ્યાણ યોજના અમલમાં આવેલ છે. આ યોજના અંતગર્ત માન.મુખ્યમંત્રીશ્રીના દશ મુદા કાર્યકમના મુદા નં.૨ થી શિક્ષણની ગુણવતા અને ઉચ્ચ અભ્યાસ ઉપર ભાર આપવામાં આવેલ છે. આ પરિણામ હાંસલ કરવા માટે ખાનગી સંસ્થાઓને સાંકળવામાં આવે તો યોજનાનું અમલીકરણ અસરકારક રીતે થઇ શકે. ઉપરાંત યોજનાના ઢાંચામાં સમયની માંગ ને લઇ સુધારા કરવા જરૂરી છે.

આદિજાતિ વિકાસ વિભાગ દ્વારા વર્ષ ૨૦૦૭ થી રાજયભરમાં વનબંધુ કલ્યાણ યોજના અમલી કરવામાં આવેલ છે. વનબંધુ કલ્યાણ યોજના અંતર્ગત આદિજાતિ વિકાસ વિભાગ દ્વારા ડેવલપમેન્ટ સપોર્ટ એજન્સી ઓફ ગુજરાત (ડી-સેગ), ગાંધીનગર ની રચના કરવામાં આવી છે. અનુસુચિત જનજાતિઓનાં યુવક / યુવતીઓને ઉચ્ચ ગુણવત્તા સભર તાલીમ મળી રહે તે હેતુથી વર્ષ ૨૦૦૮ માં પબ્લિક પ્રાઈવેટ પાર્ટનરશીપ (પીપીપી) મોડથી ખાનગી સંસ્થાઓ સાથે મળીને વ્યવસાયલક્ષી તાલીમ કેન્દ્રો શરુ કરવાની યોજના અમલમાં મુકવામાં આવેલ હતી. હાલ, રાજય માં પીપીપી મોડેલ પર આઠ વ્યવસાયલક્ષી તાલીમ કેન્દ્રો કાર્યરત છે. પ્રતિવર્ષ આ તાલીમ કેન્દ્રો મારફતે ૭૦૦૦ થી ૮૦૦૦ તાલીમાર્થીને તાલીમ આપવામાં આવે છે.

ઉદ્યોગોની માંગને ધ્યાને લેવામાં આવે, તો પ્રતિ વર્ષ ૬% ના દરે અર્થતંત્રમાં વૃદ્ધિ થતી હોય છે. જેની સામે આવશ્યક તાલીમ મેળવેલ લેબર ફોર્સની પણ માંગ વધે છે. આગામી ૫ વર્ષ (૨૦૨૨-૨૩ થી ૨૦૨૬-૨૭) માં પણ ૦૬ ટકાના વૃદ્ધિ દર ને જો ધ્યાને લેવામાં આવે તો આ તાલીમ કેન્દ્રો, ઉભી થનાર જરૂરિયાતને પહોચી વળવા માટે ક્ષમતા ધરાવતા નથી. ઉપરાંત હાલની બજાર માંગ મુજબના ટ્રેડ/કોર્ષ, તાલીમની નવીન તકનીક અને ઇન્ડસ્ટ્રીની જરૂરિયાત ને પણ ધ્યાને લેવી ખુબ જ જરૂરી છે. ઉપરાંત હાલ ની પદ્ધતિમાં પણ ફેરફાર કરવો ખુબ જ જરૂરી છે. જે અન્વયે ઉક્ત જરૂરિયાત ને ધ્યાને લેતા સ્કીલ્ડ લેબર ફોર્સ ની માંગ ને પહોચી વળવા માટે હાલના તાલીમ કેન્દ્રની સંખ્યા અને ક્ષમતા પુરતી નથી.

ઉપરાંત પીપીપી મોડેલ માટે ના વંચાણે લીધેલ ક્રમ(૧) ના તા.૨૧.૦૬.૨૦૦૮ ના ઠરાવની અવધિ પૂર્ણ થયેલ હોઈ ઉક્ત ઠરાવની અવધિ વધારવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. તેમજ તા.૧૫/03/૨૦૨૨ના રોજ મળેલ ૧૭મી હાઈ પાવર્ડ સમિતિની બેઠકમાં યોજનાના સમયગાળાને લંબાવવા માટે સરકારશ્રીમાં દરખાસ્ત કરવાનો નિર્ણય લેવામાં આવેલ છે. તેમજ આદિજાતિ વિસ્તારમાં નવી સંસ્થાઓને પણ તાલીમ અંગેની યોજનામાં સમાવિષ્ટ કરવા માટે, તથા આગામી સમયની જરુરીયાત અને માંગને પહોંચી વળવા માટે હયાત યોજનામાં નીચે મુજબના ફેરફાર કરવા આવશ્યક છે.

ઠરાવ :-

અનુસુચિત જનજાતિના યુવક/યુવતીઓને અદ્યતન મશીનરીથી ઉચ્ચ ગુણવત્તાવાળી તાલીમ આપવા ખાનગી સંસ્થાઓનો સહ્યોગ મેળવવાની બાબત વિભાગની સક્રિય વિચારણા હેઠળ હતી. પુખ્ત વિચારણાને અંતે અનુસુચિત જનજાતિના યુવાનો માટે વ્યવસાયલક્ષી તાલીમ કેન્દ્રો ખાનગી સંસ્થાઓના સહયોગથી ચલાવવાની નીતિને નીચેની શરતોને આધિન મંજુરી આપવામાં આવે છે.

(૧) તા.૨૧.૦૬.૨૦૦૮ના ઠરાવથી શરૂ થયેલ વ્યવસાયલક્ષી તાલીમ કેન્દ્રો ખાનગી સંસ્થાઓના સહયોગથી પીપીપી મોડેલ મુજબ ચલાવવાની યોજના હેઠળ શરૂ થયેલ ૦૭ વ્યવસાયલક્ષી તાલીમ કેન્દ્રોની અવધિ પૂર્ણ થયેલ છે. સદરહુ અવધિ પૂર્ણ થયેલ સંસ્થાઓની કામગીરીની સમીક્ષા કરીને બાકી રહેલ કામગીરી અને વર્તમાન જરૂરિયાતને ધ્યાને લઈને સદરહુ સંસ્થાઓની અવધિ હાઈ પાવર્ડ કમીટી પાંચ વર્ષ સુધી લંબાવી શકશે તેમજ ત્યારબાદ પણ જો જરૂરિયાત જણાય તો હાઈ પાવર્ડ કમીટી સમીક્ષા કરીને વધુ પાંચ વર્ષ સુધી લંબાવી શકશે.

(૨) (I) આદિજાતિ યુવક/ યુવતિઓ માટે આ યોજના હેઠળ વ્યવસાયલક્ષી તાલીમ કેન્દ્ર શરુ કરવા માંગતી નવી સંસ્થાઓની પસંદગી વર્તમાન પત્રોમાં Expression of Interest (EOI) માટે જાહેરાત આપી તા.૨૧.૦૬.૨૦૦૮ના ઠરાવ મુજબ નક્કી કરેલ માપદંડના આધારે હાઈ પાવર્ડ કમિટિ દ્વારા કરવામાં આવશે. તેમજ પસંદગી પામેલ સંસ્થાઓની અવધિ હાઈ પાવર્ડ કમીટી પાંચ વર્ષ સુધી નિયત કરી શકશે તેમજ ત્યારબાદ પણ જો જરૂરિયાત જણાય તો હાઈ પાવર્ડ કમીટી સમીક્ષા કરીને વધુ પાંચ વર્ષ સુધી લંબાવી શકશે.

(II) હયાત વ્યવસાલક્ષી તાલીમ કેન્દ્રોને વધારે આધુનિક અને સુદ્રઢ બનાવવા તથા નવા વ્યવસાલક્ષી તાલીમ કેન્દ્રોને ટેકનીકલ સપોર્ટ જેવો કે વ્યવસાયલક્ષી કેન્દ્રોની ફ્રેમવર્ક નક્કી કરવી, નવી સંસ્થાની પસંદગીના ધારા ધોરણ નક્કી કરવા ટેકનીકલ સપોર્ટ આપવો, અભ્યાસક્રમ નક્કી કરવો, ભવિષ્યની જરૂરિયાતને ધ્યાને રાખી ટ્રેડ/કોર્ષ નક્કી કરવા વગેરે તકનીકી બાબતમાં સપોર્ટ પૂરો પાડવા માટે સરકારી અથવા સરકારશ્રી સાથે સંકળાયેલ નામાંકીત એજન્સી પાસેથી દરખાસ્ત મેળવી "Technical Assistance and Support Services" માટે આ યોજના હેઠળ ઠરાવવામાં આવેલ હાઇ પાવર્ડ કમિટિ પસંદગી કરી શકશે.

(iii) વનબંધુ કલ્યાણ યોજના અંતર્ગત અનુસુચિત જનજાતિ માટેના વ્યવસાયલક્ષી તાલીમ કેન્દ્રો ખાનગી સંસ્થાઓના સહયોગથી પીપીપી મોડેલ મુજબ ચલાવવા અંગેની યોજનાના તા.૨૧.૦૬.૨૦૦૮ના ઠરાવની અન્ય શરતો યથાવત રહેશે.

આ યોજના અંતર્ગત ખાનગી સંસ્થાની પસંદગી માટે તા.૨૧.૦૬.૨૦૦૮ ના ઠરાવ મુજબ વ્યવસાયલક્ષી તાલીમ કેન્દ્રો માટે રચવામાં આવેલ હાઈ પાવર્ડ સમિતિ, તથા તા.૧૨.૧૦.૨૦૧૦ ના આદેશ થી રચવામાં આવેલ ટેકનીકલ સમિતિ દ્વારા સંસ્થાની પંસદગીની કામગીરી કરવાની રહેશે. સમિતિએ આ નીતિની પ્રસિદ્ધિ અને પ્રચાર-પ્રસાર દ્વારા દરખાસ્તો મેળવી યોગ્ય સંસ્થાની પસંદગી કરવાની રહેશે. સમિતિએ આ હેતુ માટે પદ્ધતિ અને ધોરણો નક્કી કરી તેની જાહેરાત કરશે અને શ્રેષ્ઠ સંચાલન કરતી સંસ્થા પંસદ થાય તે પ્રમાણે કાર્યવાહી કરશે.

નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩ માં આ યોજનાના ખર્ચ માટે વ્યવસાયલક્ષી તાલીમ કેન્દ્રો ના બજેટ હેડ : માં. ક.: ૯૬ આયોજન, મુ.સ.: ૨૨૨૫-અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત જનજાતિઓ અને અન્ય પછાત વર્ગોનું કલ્યાણ, પે.મુ.સ.: ૦૨-અનુસૂચિત જનજાતિઓનું કલ્યાણ, ગૌ.સ.: ૭૯૬-આદિજાતિ વિસ્તાર પેટા યોજના, પે.સ. ૬૨-વિકેવાય-૧૯- હેઠળ ખર્ચ કરવાનો રહેશે તથા વખતો વખત આ અંગેની જોગવાઈ અંદાજપત્રમાં કરાવી લેવાની રહેશે.

આ યોજના અમલમાં મુકવા માટે થનાર કરાર (એગ્રીમેન્ટ)નો નમુનો અને સરકાર વતી કરાર કરવા માટે અંકિત કરેલ સંસ્થા તેમજ કરારની અન્ય બોલીઓ અને શરતો હવે પછી નક્કી કરવામાં આવશે.

આ ઠરાવ વિભાગની સમાન ક્રમાંકની ફાઈલ પર નાણા વિભાગની તા. ૦૧/૦૭/૨૦૨૨ની તથા સરકારશ્રીની તા.૨૫/૦૮/૨૦૨૨ નોંધથી મળેલ સંમતિથી બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(પી. એમ. પટેલ)
ઉપસચિવ
આદિજાતિ વિકાસ વિભાગ

પ્રતિ,

- માન. રાજયપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન. મુખ્યમંત્રીશ્રીના મુખ્ય અગ્રસચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. નાણા મંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન. મંત્રીશ્રી (આ.વિ.) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. રાજ્યકક્ષાના મંત્રીશ્રી (આદિજાતિ વિકાસ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- મુખ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- અગ્ર સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- અગ્ર સચિવશ્રી (શ્રમ અને રોજગાર વિભાગ), સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી (આદિજાતિ વિકાસ વિભાગ) સચિવાલય, ગાંધીનગર.
- અધિક સચિવશ્રી (બજેટ), આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાણા સલાહકારશ્રી (આ.વિ.) નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, (આ.વિ.) નિયામકશ્રી આદિજાતિ વિકાસની કચેરી, બિરસા મુંડા ભવન, સેક્ટર-૧૦/એ, ગાંધીનગર.
- મુખ્ય કારોબારી અધિકારીશ્રી, ડી-સેગ, બિરસા મુંડા ભવન, ગાંધીનગર
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- નિવાસી ઓડીટ અધિકારીશ્રી,ગાંધીનગર.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- જિલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.
- સીસ્ટમ મેનેજરશ્રી, આદિજાતિ વિકાસ વિભાગની વેબસાઇટ પર મુકવા વિનંતી સહ.
- સીલેક્ટ ફાઇલ.